GJBK010029762025

M.A.C.P.  NO- 234/2025

(૧) આ કામે અરજદાર/કલેઈમન્ટ તથા સામાવાળા નં. ૩ વીમા કંપની વચ્ચે આજરોજ રાષ્ટ્રીય લોક અદાલતમાં સુખદ સમાધાન થયેલ છે. જે સમાધાન પુરસીસ તેમને આંક. ૧૫ થી રજૂ કરેલ છે. જે લેખિત સમાધાન પુરસીસ પક્ષકારોને વાંચી સંભળાવવામાં આવેલ છે અને તે પુરસીસના લખાણ મુજબ પક્ષકારોએ પોતે સમજી, વિચારી લખાણ કરી, પોતાની સહીઓ કરેલાનું જણાવેલ છે. પક્ષકારોએ સમજી, વિચારી સ્વેચ્છાએ પોતાની સહીઓ કરી, સમાધાન લેખિતમાં રજૂ કરેલ હોવાથી તે સમાધાન નોંધવામાં આવેલ છે.

(૨) પક્ષકારો વચ્ચે થયેલ સમાધાન મુજબ અને આંક. ૧૫ થી રજૂ કરેલ પુરસીસ આધારે આ કામના સામાવાળા નં. ૩  ગો–ડીજીટ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લી.ને સમાધાન મુજબની રકમ રૂા. ૧૩,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા તેર લાખ પુરા) એક માસની અંદર જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. જો વીમા કંપની સમાધાન મુજબની રકમ એક–મહિનામાં જમા કરાવવામાં નિષ્ફળ જાય તો, વીમા કંપનીએ એક–મહિના બાદ અરજદારને વાર્ષીક ૬% લેખે સમાધાન મુજબની રકમ ઉપર સાદું વ્યાજ ચૂકવવાનું રહેશે.

(૩) આ કામના સામાવાળા નં. ૩  ગો–ડીજીટ જનરલ ઈન્સ્યોરન્સ કંપની એ  અત્રેની ટ્રિબ્યુનલમાં નીચે મુજબની બેંક વિગતો પ્રમાણે નાણાં આર. ટી. જી. એસ./ એન. ઈ. એફ. ટી. દ્વારા જમા કરાવવાના રહેશે.

| | |
|---|---|
| NAME OF BANK | STATE BANK OF INDIA |
| NAME OF ACCOUNT | MACT, DISTRICT COURT, PALANPUR. |
| BANK BRANCH – NAME | OPP.OLD GANZ BAZAR, MAIN BRANCH, PALANPUR. |
| BANK ACCOUNT NO | 40902081331 |
| BANK IFSC CODE NO | SBIN0000443 |
| EMAIL ADDRESS | mact–palanpur@gujarat.gov.in |

(૪) પક્ષકારો વચ્ચે સુખદ સમાધાન થયેલ હોવાથી અને સમાધાનની રકમ ઉપરોકત ખાતામાં જમા થયેથી અરજદાર/કલેમન્ટોને ૫૦% રકમ તેમણે રજૂ કરેલ બેંકની વિગતો પ્રમાણેના ખાતામાં ચૂકવી આપવી તથા બાકીની ૫૦% રકમ અરજદારોના નામે ૫–વર્ષની બાંધી મુદતની થાપણોમાં મુકવી. અરજદારોને ૫૦% રકમ તેમની યોગ્ય ખરાઇ કરી તેમણે રજૂ કરેલ બેંક ખાતામાં ચૂકવી આપવી. અરજદારોને તેમના બેંક ખાતાની વિગતો જેવી કે, બેંક એકાઉન્ટ નંબર, શાખા, આઇએફએસસી કોડ નંબર, પાન નંબર વિગેરે માહિતી પૂરી પાડવાની રહેશે. ત્રણેય અરજદારો/કલેમન્ટોને રકમ સરખે હિસ્સે વહેંચી આપવી. સદરહું વળતર અરજી બાકીના સામાવાળાઓ વિરૂધ્ધ પણ ફેંસલ કરવામાં આવે છે.

(૫) આ કામે જે બાંધી મુદતની થાપણો કરવાની રહેશે તે નીચેની શરતોને આધિન રહેશે.

એ. અરજદારો/કલેઇમન્ટ તે બાંધી મુદતની થાપણ ઉપર જો ઇચ્છે તો, ટ્રિબ્યુનલની પરવાનગી સિવાય ત્રીમાસિક વ્યાજ પોતાના ખાતામાં મેળવવા હકકદાર રહેશે.

બી. તે બાંધી મુદતની થાપણ ઉપર જેમ કે કોઇ લોન, ઓવરડ્રાફટ કે, અન્ય કોઇપણ રીતે બોજો નાંખી નાણાં ચૂકવવાના રહેશે નહીં.

સી. બાંધી મુદતની થાપણ પૂરી થયેથી વ્યાજ સહિતની પૂરેપુરી રકમ અરજદારોના બેંક ખાતામાં અત્રેની અદાલતની પરવાનગી સિવાય ચૂકવી આપવાની રહેશે.

(૬) પક્ષકારો વચ્ચે આજરોજ નેશનલ લોક અદાલતમાં સમાધાન થયેલ હોવાથી અરજદારે જો કોર્ટ ફી જમા કરાવેલ હોય તો, તે કોર્ટ ફી રીફન્ડ સર્ટીફીકેટ મેળવવા હકકદાર રહેશે.

(૭) આ કામના સામાવાળા વીમા કંપનીએ નામદાર ગુજરાત હાઈકોર્ટના હંસા ગૌરી પ્રફુલચંન્દ્ર લાધાણી અને બીજાઓ વિ. ઓરીએન્ટલ ઇન્સ્યોરન્સ કંપની અને બીજાઓ (૨૦૦૭ એસીજે ૧૮૯૭) ના ચૂકાદા મુજબ ટીડીએસ બાબતે કાર્યવાહી કરવાની રહેશે.

(૮) બેંકને જરૂરી યાદી આ હુકમના પાલન અર્થે મોકલી આપવી.

(૯) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મું.પાલનપુર
તા.૧૪/૦૩/૨૦૨૬

**(પીયુષકુમાર અશોકભાઇ પટેલ)**
એમ.એ.સી.ટી.(ઓકઝી.)
બનાસકાંઠા-પાલનપુર
જી.જે.૦૦૮૦૩